રાજ્યમાં બિન આદિજાતિ વિસ્તારમાં કાર્યરત આદર્શ નિવાસી શાળાઓમાં આઉટ સોર્સીંગથી રૂ.૩૫૦૦/-ના ફીક્સ પગારથી કોમ્પ્યુટર શિક્ષક રાખવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૧૫૨૦૧૪/ન.બા.૫૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૦૮/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૨૦/૦૩/૨૦૧૪નો પત્ર નં:- આવિ/અનશ/૧/ફા.નં.૧૨૯૩/૨૦૧૩-૧૪/૩૮૯ થી ૯૯.

ઠરાવ:-

રાજ્યના અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી બીજા સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તેવા આશયથી આદર્શ નિવાસી શાળાઓની યોજના વર્ષ ૧૯૮૬-૮૭ના વર્ષથી કાર્યરત કરવામાં આવી છે. અને હાલ ૪૪ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. જે પૈકી ૧૦ આદર્શ નિવાસી શાળાઓ બિન-આદિજાતિ વિસ્તારમાં આવેલ છે. આ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર જ્ઞાન મેળવી કૌશલ્ય પ્રાપ્ત કરી શકે તે હેતુથી દરેક આદર્શ નિવાસી શાળામાં આઉટ સોર્સીંગથી રૂ.૩૫૦૦/- ના ફીક્સ પગારમાં કોમ્પ્યુટર શિક્ષક રાખવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી રૂ.૩.૫૦ લાખની નવી બાબતની વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે દરેક આદર્શ નિવાસી શાળામાં આઉટ સોર્સીંગથી રૂ.૩૫૦૦/- ના ફીક્સ પગારમાં કોમ્પ્યુટર શિક્ષક રાખવા માટે સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ રૂ.૩.૫૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ; પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર -૪૮ બીસીકે – ૧૭૭ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૦/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.

રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં કાર્યરત આદર્શ નિવાસી શાળાઓમાં આઉટ સોર્સીંગથી રૂ.૩૫૦૦/-ના ફીક્સ પગારથી કોમ્પ્યુટર શિક્ષક રાખવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૧૫૨૦૧૪/ન.બા.૫૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૦૮/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૨૦/૦૩/૨૦૧૪નો પત્ર નં:- આવિ/અનશ/૧/ફા.નં.૧૨૯૩/૨૦૧૩-૧૪/૩૮૯ થી ૯૯.

ઠરાવ:-

રાજ્યના અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી બીજા સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તેવા આશયથી આદર્શ નિવાસી શાળાઓની યોજના વર્ષ ૧૯૮૬-૮૭ના વર્ષથી કાર્યરત કરવામાં આવી છે. અને હાલ ૪૪ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. જે પૈકી ૩૪ આદર્શ નિવાસી શાળાઓ આદિજાતિ વિસ્તારમાં આવેલી છે. આ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર જ્ઞાન મેળવી કૌશલ્ય પ્રાપ્ત કરી શકે તે હેતુથી દરેક આદર્શ નિવાસી શાળામાં આઉટ સોર્સીંગથી રૂ.૩૫૦૦/- ના ફીક્સ પગારમાં કોમ્પ્યુટર શિક્ષક રાખવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી રૂ.૮.૩૩ લાખની નવી બાબતની વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે દરેક આદર્શ નિવાસી શાળામાં આઉટ સોર્સીંગથી રૂ.૩૫૦૦/- ના ફીક્સ પગારમાં કોમ્પ્યુટર શિક્ષક રાખવા માટે સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ રૂ.૮.૩૩ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર -૪૮ બીસીકે - ૧૭૭ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૦/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.